તકેદારી સમિતિઓમાં મુદાવાર વિગતવાર ચર્ચા
કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
પરિપત્ર ક્રમાંક: હસલ–૧૦૨૦૦૪–૧૮૩૯–હ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 11 JAN 2005

**વંચાણે લીધા:–**
નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણ ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા. ૨૭/ ૧૦/ ૨૦૦૪/ નો પત્રાંક–અજાક–છ–૧–૨૦૦૪–૬૧૫૯ થી ૬૦

**–:પરિપત્ર:–**

અનુસુચિત જાતિ,જનજાતિ અત્યાચાર નિવારણ ધારો,૧૯૮૯ ના અસરકારક અમલ માટે રાજ્ય સરકારે જિલ્લા કલેકટરશ્રી,પોલીસ કમિશ્નરશ્રી અને મામલતદારશ્રીના અધ્યક્ષસ્થાને વિવિધ કક્ષાની જિલ્લા તાલુકા તથા શહેરી તકેદારી સમિતીની રચના કરવાનું ઠરાવેલ છે.

તાજેતરમાં મળેલ પરામર્શ સમિતિની બેઠકમાં જિલ્લાઓની તકેદારી સમિતિઓમાં અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિઓ પરના અત્યાચારના કેસોની ચર્ચા ગંભીરતાથી થતી નથી તેવી રજુઆત સરકારના ધ્યાન પર આવેલ છે. જેની સરકારે નોંધ લીધેલ છે. આવી ફરિયાદ ઉભી થવા ન પામે તે માટે આ તકેદારી સમિતિઓની બેઠકો નિયમિત મળે તથા બેઠકોમાં સમિતિઓના નિયત થયેલ કાર્યક્ષેત્ર મુજબ મુદાવાર,વિગતવાર અને પૂરતી ચર્ચા કરવા તથા અુન.જાતિઓ ઉપર થયેલ અત્યાચારના બનાવો બાબતે સંબંધિત અધિકારીશ્રીઓ દવારા કરવાની થતી કાર્યવાહી તાત્કાલિક થાય તે જોવા આથી તમામ સંબંધિતોને તાકીદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.કે.વસાંત)
સંયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(ચાલુ)

પ્રતિ,

૧.માન.મંત્રીશ્રી(સા.ન્યા.અને.અ.વિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ,ગુ.રા.ગાંધીનગર.
૩. સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ.
૪. સર્વે કલેકટરશ્રીઓ.
(સર્વે મામલતદારશ્રીઓને પરિપત્રિત કરવા વિનંતી છે.)
૫. સર્વે પોલીસ અધિકારીશ્રીઓ.
૬. સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
૭. તકેદારી અધિકારીશ્રીઓ(અમદાવાદ,વડોદરા,રાજકોટ)
૮. સિલેકટ ફાઈલ.
૯. નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.

એચકેસીપેજર૫૫